# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका




श्री कृष्ण प्रणामी धर्माचार्य अनन्तश्री विभूषित जगद्गुरु आचार्य श्री कृष्णमणिजी महाराजश्रीके जन्म दिन पर सन्तगुरुजनों द्वारा माल्यार्पण ।


वर्षः १३ | जनवरी २०२१ | अंक : १

**श्री ५ नवतनपुरी धाम, जामनगर**

www.krishnapranami.org



दीपावलीके पावन पर्व पर समर्पित १०८ राजभोग । सौजन्य-परमधामवासी पशीबेन माधाभाई पटेलकी स्मृतिमें-लीलाबेन भोगीभाई पटेल परिवार (मूल-मोयद, सा.का.) हाल-अमेरिका ।






परम पूज्य आचार्य महाराजश्रीके जन्मोत्सव प्रसंग पर आयोजित सत्संग सभाके दृश्य ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

**સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ**

વિ.સં ૨૦૭૭ | નિજાનન્દાબ્દ : ૪૩૮ | બુદ્ધજી શાકે : ૩૪૨

**વર્ષ ૯૩** | **જાન્યુઆરી ૨૦૨૧** | **અંક : ૦૧**

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ
સ્વામી લક્ષ્મણદેવજી મહારાજ



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર
જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત)

ફોન : (૦૨૮૮)૨૬૭૨૮૨૯ મો : ૮૫૧૧૨૨૬૬૦૦

**E-mail : patrika@krishnapranami.org, navtanpuri@gmail.com**
**Website : www.krishnapranami.org / patrika**


## શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

ધર્મપ્રાણ સુંદરસાથજી, ખૂબ જ પ્રસન્નતાની વાત છે કે આપણી સહુની અત્યન્ત પ્રિય શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાએ ૯૨ વર્ષની સફર પાર કરી આ મહિનાથી ૯૩ માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. આપણે સમજી શકીએ કે ૯૨ વર્ષ કંઈ નાનો સમય નથી. આટલી લાંબી અવધિ (ચાર ચાર પેઢી) સુધી અવિરત રૂપથી સુંદરસાથની સેવા કરી છે એ જ ઘણી મોટી વાત છે.

યથાર્થમાં "શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા"ની આ સાહસિક સફળતા માટે આપ સહુ સુંદરસાથ જ ધન્યવાદના પાત્ર છો. કેમ કે આપનો અપાર પ્રેમ તથા પત્રિકા પ્રત્યે પોતાપણાના કારણે જ પત્રિકાએ આટલી લાંબી યાત્રા કરી છે.

અમોને વિશ્વાસ છે કે આપનો પ્રેમ, સાથ તથા સહકાર આવી જ રીતે પ્રાપ્ત થતાં રહેશે તો ભવિષ્યમાં પણ આપની સેવા માટે આ લોકપ્રિય પત્રિકા આપના ઘરે ઘરે પહોંચતી રહેશે તથા માર્ગદર્શન આપતી રહેશે.

# ખેલમાં ખેલ

## જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

આ સૃષ્ટિ માયાજન્ય ખેલ અથવા નાટક કહેવાય છે. એને ખેલ કહેવાનું તાત્પર્ય એ છે કે અક્ષરબ્રહ્મ એને બનાવે છે, થોડા સમય માટે ટકાવે છે અને અંતમાં મિટાવી દે છે, એમાં એનું મમત્વ તથા પરત્વ રહેતું નથી. આ એમની મોજ છે તેઓ એને બનાવે છે અને મટાડે છે. એટલા માટે જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લયનું કારણ અક્ષરબ્રહ્મને કહેવામાં આવે છે. આ એમનો જ ખેલ છે. આ ખેલને બનાવવો અને મટાડવો અક્ષરબ્રહ્મનો સ્વભાવ છે અને તેમની લીલાનો એક અંશ પણ કહી શકીએ. મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે,

**શ્રી ભગવાનજી ખેલત બાલ ચરિત્ર, આપ અપની ઈચ્છાસોં પ્રકૃત ।**

અક્ષરબ્રહ્મની કલ્પના માત્રથી કરોડો બ્રહ્માંડ અસ્તિત્વમાં આવે છે. તેઓ તેને ક્ષણમાત્ર ટકાવી રાખી પળભરમાં લય પણ કરી દિયે છે. જેમકે,

**કોટિ બ્રહ્માંડ નજરોંમેં આવે, ક્ષણમેં દેખકે પલમેં ઉડાવે ।**

અક્ષરબ્રહ્મની લીલા બાલલીલા કહેવાય છે. કેમ કે તેઓ બાળકોની જેમ નશ્વર ખેલને બનાવે છે અને જોતજોતામાં મિટાવી પણ દે છે. તેઓ પોતે કિશોર સ્વરૂપ છે. પરંતુ લીલા બાળકોની જેમ કરે છે. એટલા માટે તેમને બાલ સ્વભાવ કહ્યું છે. તેમની ઈચ્છાથી જ મોહ ઉત્પન્ન થાય છે અને તેમની સુરતા મોહમાં પ્રવેશ કરે છે જેનાથી પાંચ તત્ત્વ પ્રગટ થાય છે. તેમના શુદ્ધ રૂપથી સૂક્ષ્મ જગત તથા મિશ્રિત રૂપથી સ્થૂલ જગતનું નિર્માણ થાય છે. જગતનું કારણ અક્ષર બ્રહ્મની ઈચ્છા શક્તિ છે. પાંચ તત્ત્વોનું શુદ્ધ સ્વરૂપ પંચતન્માત્રા તથા મિશ્રિત સ્વરૂપ દશ્યમાન પાંચ તત્ત્વ(આકાશ, વાયુ, તેજ, જલ તથા પૃથ્વી)છે. પાંચ તત્ત્વના મિશ્રણને પંચીકરણ કહે છે. પિંડ(શરીર)તથા બ્રહ્માંડની રચના પંચીકૃત પાંચ તત્ત્વોના દ્વારા થાય છે. આ તેમનું સ્થૂલ સ્વરૂપ છે.

પ્રત્યેક બ્રહ્માંડના અધિપતિ ભગવાન નારાયણ કહેવાય છે. તેઓ સ્વયં અવ્યક્ત છે અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશના રૂપમાં વ્યક્ત થઈને બ્રહ્માંડના

અન્તર્ગત ચૌદલોકમાં પ્રાણીઓની સૃષ્ટિ, સ્થિત તથા લય કરે છે. ત્રેત્રીસ કોટિ દેવી-દેવીતાઓ ઉપરોક્ત ત્રણેય દેવોના સહયોગી માનવામાં આવે છે. આ રીતે આ સંસાર અક્ષર બ્રહ્મના ખેલનો વિસ્તાર છે.

આ ખેલમાં બે પ્રકારના જીવ છે. એમાંથી એક પ્રકારના જીવ ખેલના પાત્ર છે અને બીજા પ્રકારના જીવ એના દૃષ્ટા છે. ખેલના પાત્ર જીવને પણ મૂળરૂપે તો અવ્યક્ત અક્ષરના અંતર્ગત સ્થિત પ્રણવ બ્રહ્મના દ્વારા પ્રગટ કરાવી આ નશ્વર જગતમાં મોકલવામાં આવે છે પણ તેઓનું નિયંત્રણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશને સોંપવામાં આવેલું હોય છે. તેઓ નશ્વર જગતમાં આવતાં જ નશ્વર શરીર ધારણ કરી માયા મોહવશ શરીર દ્વારા કરેલા કર્મોના બંધનમાં પડીને કર્મ ફલ ભોગવવા લાગે છે. આ જન્મ મૃત્યુનું ચક્ર તેમના માટે છે. બીજા જીવ દૃષ્ટા છે તે પૈકી અક્ષરધામથી આવેલા આત્માઓં ઈશ્વરી સૃષ્ટિ તથા બીજી બ્રહ્મધામ પરમધામથી આવેલા આત્માઓ બ્રહ્મસૃષ્ટિ કહેવાય છે. આ રીતે આ જગતમાં ત્રણ પ્રકારના આત્માઓ જોવો મળે છે જેમાં જીવસૃષ્ટિનું નિયંત્રણ વૈકુંઠથી થાય છે, ઈશ્વરી સૃષ્ટિનું નિયંત્રણ અક્ષરધામથી તથા બ્રહ્મસૃષ્ટિનું નિયંત્રણ પરમધામથી થાય છે. જેમકે,

**જીવસૃષ્ટિ બૈકુંઠ લોં, સૃષ્ટિ ઈશ્વરી અક્ષર ।**
**બ્રહ્મસૃષ્ટિ અક્ષરાતીત લોં, કહે શાસ્ત્ર યોં કર ॥**

ઉપરોક્ત ત્રણેય પ્રકારની સૃષ્ટિમાં જીવસૃષ્ટિ કર્મફલ ભોગવતાં કર્મના બંધનમાં બંધાઈ જન્મમૃત્યુના ચક્રમાં ફરતી રહે છે. ઈશ્વરી સૃષ્ટિ તથા બ્રહ્મસૃષ્ટિ ઉત્તમ પ્રકારના જીવો દ્વારા ધારણ કરેલા શરીરમાં પ્રવેશ કરી નશ્વર જગતનો ખેલ જુએ છે. કહ્યું પણ છે,

**યામેં જીવ દોય ભાંતકે, એક ખેલ દુજે દેખનહાર ।**

આ રીતે ત્રણ પ્રકારની સૃષ્ટિ હોવા છતાં પણ કર્મફળના ભોક્તા તથા દૃષ્ટાના રૂપમાં બે પ્રકારની માનવામાં આવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ આ વાત સ્પષ્ટ કરી છે. જેમ કે,

**દ્વા સુપર્ણા સયુજૌ સખાયૌ, સમાને વૃક્ષે પરિષસ્વજાતે ।**
**તયોરેકં પિપ્પલં સ્વાદુમત્તિઃ અનશ્નનન્યો અભિચાકષીતિ ॥**

અર્થાત્ એક વૃક્ષમાં બે પક્ષી સખાભાવથી રહે છે. તેમાંથી એક તે વૃક્ષના

ફલનું આસ્વાદન કરે છે તો બીજું માત્ર જોયા કરે છે. અહીં શરીરને વૃક્ષના રૂપમાં અને જીવને પક્ષીના રૂપમાં પ્રસ્તુત કર્યા છે.

નશ્વર જગતના જીવ નશ્વર જગતના ખેલને ખેલ ન માનીને એમાં મમત્વ અને પરત્વની ભાવના રાખે છે. અને અક્ષરબ્રહ્મના ખેલમાં હોવા છતાં પણ સત્ત્વ, રજ, અને તમ આ ત્રણેય ગુણોના અધીન થઈ શુભ-અશુભ કર્મ કરી ખેલમાં પણ ખેલ ઉત્પન્ન કરતાં રહે છે. તેઓને નશ્વર જગતથી પરનું જ્ઞાન નથી હોતું. એટલા માટે તેઓ જૂઠ કપટનો આશ્રય લઈ નશ્વર જગતની સંપત્તિ તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઈચ્છે છે. તેઓને ભૌતિક સંપત્તિ તથા પ્રતિષ્ઠામાં જ સુખ દેખાય છે. બ્રહ્માત્માઓ તથા ઈશ્વરી સૃષ્ટિ પણ આ જીવોની સાથે નર તન ધારણ કરી પોતાના મૂળસ્વરૂપને ભૂલી ગઈ છે. અને આ જ ભૌતિક સંપત્તિ તથા પ્રતિષ્ઠાના દ્વારા સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે.

જો કે બ્રહ્માત્માઓ પરમધામમાં પોતાના ધણી પૂર્ણબ્રહ્મ પરમાત્મા અનાદિ અક્ષરાતીત શ્રી કૃષ્ણ શ્રી રાજજીના ચરણોમાં બેસી નશ્વર જગતનો આ ખેલ જોઈ રહ્યા છે તથા ધામધણી શ્રી રાજજી સ્વયં તેમને આ ખેલ બતાવી રહ્યા છે. તો પણ માયાજન્ય જગતમાં માયાનો પ્રભાવ એટલો અધિક હોય છે કે બ્રહ્મધામના આત્માઓ પણ નશ્વર જગતનો ખેલ જોતાં જોતાં માયા મોહથી પ્રભાવિત થઈ સ્વયંનું અસ્તિત્વ ભૂલી જાય છે. તેઓને જાગૃત કરવા માટે ધામધણી શ્રી રાજજી શ્રી શ્યામાજીને સદ્‌ગુરુના રૂપે પ્રગટ કરે છે અને તેઓના દ્વારા અનેક પ્રકારની સાધનાઓ કરાવીને જીવનમાં સાધનાનું મહત્ત્વ પ્રતિપાદિત કરાવે છે. સાધના દ્વારા અંતઃકરણની શુદ્ધિ કરાવી સ્વયં સદ્‌ગુરુને દર્શન આપે છે. અને તારતમ જ્ઞાનના દ્વારા પાતાળથી પરમધામ સુધીની જાણકારી પ્રદાન કરી તે તે સ્થાનોનું દર્શન પણ કરાવે છે. ત્યારબાદ બ્રહ્માત્માઓને જાગૃત કરવાનું દાયિત્વ સોંપી શ્રી તારતમ મંત્ર પ્રદાન કરી સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થાય છે અને જાગણી લીલાનો વિસ્તાર કરાવે છે. આ રીતે પોતાના ચરણોમાં બેસાડી ખેલ દેખાડવા છતાં પણ બ્રહ્માત્માઓ માયા મોહથી પ્રભાવિત થઈને પોતાના ધણીનાં સાન્નિધ્યમાં હોવા છતાં પોતાના ધણીને તથા પોતાની જાતને પણ ભૂલી જાય છે. તેઓને ધણીના સાન્નિધ્યની યાદ અપાવવા માટે કહ્યું છે,

**દેખનકો હમ આએ રી દુનિયાં, હમ હી કારણ કિયો એ સંચ ।**
**પાર હમારો ન્યારા નહીં, હમ પર હી મેં બૈઠે દેખે પ્રપંચ ॥**

અર્થાત્ હે બ્રહ્માત્માઓ ! આપણે બધા નશ્વર જગતનો આ ખેલ જોવા માટે સુરતાના રૂપે અહીં આવ્યા છીએ. અમને દેખાડવા માટે જ ધામધણી શ્રી રાજજીએ અક્ષર બ્રહ્મના દ્વારા આ વિશિષ્ટ ખેલની રચના કરાવી છે. પરંતુ આ ખેલને જોતાં જ અમે સ્વયંને ભૂલી ગયા અને પોતાના ધણીને પણ ભૂલી ગયા. અમને એમ લાગવા લાગ્યું કે અમે તો આદિ અનાદિ કાળથી નશ્વર જગતમાં છીએ અને અમારા ધામધણી અમારાથી દૂર પોતાના ધામ પરમધામમાં છે. જાગૃત થઈને આપણે સમજવું જોઈએ કે ખરેખર તો ધામધણી અમારાથી દૂર નથી. આપણે તો તેમના ચરણોમાં બેસીને જ માયાનો પ્રપંચ જોઈ રહ્યા છીએ.

સદ્ગરુએ આપણને તારતમ જ્ઞાનના દ્વારા આ સમજાવ્યું છે કે હે બ્રહ્માત્માઓ ! આ ખેલની રચના તો તમારા માટે જ કરાવી છે. એને જોઈને તમારે પરમધામમાં જાગૃત થવાનું છે. જ્યારે તમો જાગૃત થઈ જશો ત્યારે તમે ખેલની વાતોને યાદ કરી પરસ્પર મજાક કરશો. જેમ કે,

**એ ખેલ કિયા તુમ ખાતર, તુમ દેખન આઈયાં જેહ ।**
**ખેલ દેખકે ચલસી, ઘર બાતાં કરસી એહ ॥**

**(કલશ હિ. ૧૮/૩)**

હે બ્રહ્માત્માઓ ! તમે નશ્વર જગતના આ ખેલને જોવા માટે આવ્યા છો. એટલે એને સારી રીતે જુઓ. તમે પોતે જ ખેલ જોવાની ઈચ્છા કરી અને શ્રી રાજજી પાસે તેની માંગણી કરી. ધામધણી આ ખેલ બતાવી તમારી માંગ જ પૂરી કરી રહ્યા છે. જેમ કે,

**અબ નિરખો નીકે કર, એ જો દેખન આઈયાં તુમ ।**
**માગ્યા ખેલ હિરસકા, સો દેખલાવે ખસમ ॥**

**(કલસ હિ. ૧૩/૧)**

આ ખેલ એટલો વિચિત્ર છે કે ખેલવાવાળા અને જોવાવાળા બંને એમાં રચ્યા પચ્યા રહી બધું જ ભૂલી જાય છે. તેઓ કોઈ અપરિચિત વ્યક્તિની સાથે સંબંધ બનાવી ખુશ થાય છે. અહીં એક તરફ વિવાહ માટે શણગાર કરેલા જાનૈયાઓ નાચી રહ્યા છે તો બીજી બાજુ કોઇ મરેલાની નનામી ઉપાડી લોકો રડતાં રડતાં જઈ રહ્યા છે. ક્યારેક આવા બંને પ્રકારના લોકો પરસ્પર સામસામે

મળી જાય છે. કયાંય કોઈનો જન્મ થયો હોય અને લોકો ખુશાલી મનાવી રહ્યા હોય છે તો બીજી તરફ કોઈનું મૃત્યુ થવાથી રડતાં લોકો જોવા મળે છે.

**નાહીં જાસોં પેહેચાન કબહૂં, તાસોં કરે સનમંધ ।**
**સગે સહોદરે મિલકે, લે દેવે મનકે બંધ ॥**

**સિનગાર કરકે તુરી ચઢે, કોઈ કરે છાયા છત્ર ।**
**કોઈ આગે નટારંભ કરે, કોઈ બજાવે બાજંત્ર ॥**

**કોઈ બાંધ સીઢી આવે સામી, કરે પોક પુકાર ।**
**વિરહ વેદના અંગ ન માય, પીટે માહેં બજાર ॥**

**(કલશ હિ. ૧૩/૧૩,૧૫,૧૬)**

અહીંયાં કોઈ કંજૂસ છે તો કોઈ દાનવીર કહેવાય છે, કોઈ જ્ઞાની છે તો કોઈ અજ્ઞાની છે, કોઈ રાજા છે તો કોઈ ગરીબ છે. આ રીતે આ જગતમાં અનેક વિષમતાઓ છે.

મહામતિ કહે છે, સદ્ગુરુ ધણીએ અહીં આવીને આપણને સમજાવ્યું કે હે બ્રહ્માત્માઓ ! તમે આ વિચિત્ર ખેલ જોવા માટે જ આવ્યા છો. પરંતુ અહીં આવી માયાના જીવોની જેમ તમે પણ માયામાં જ હળીમળી ગયા છો. એમને તો આ નશ્વર ખેલ નશ્વર નથી લાગતો કેમ કે જલ તરંગવત્ આ બધા પોતાને પણ મોહ માયાની જ સૃષ્ટિ માને છે. વાસ્તવમાં આ જૂઠી માયા આપ સત્ય આત્માઓને પ્રભાવિત કરી રહી છે. તમે સ્વયં સત્ય હોવા છતાં પણ પોતાને ન પિછાણી જૂઠી માયામાં ભૂલવા લાગ્યા છો. આ તો નશ્વર હોવાને કારણે એક દિવસ મટી જશે પરંતુ તમને ખોટો દાગ લગાડીને મટશે. એટલા માટે તમે અજ્ઞાનની નીંદરમાંથી જાગૃત થઈ જાઓ.

**તુમ આઈયાં છલ દેખને, ભિલ ગૈયાં માહેં છલ ।**
**છલકો છલ ન લાગ હી, ઓ લેહરી ઓ જલ ॥**

**એ ઝૂઠી તુમકો લગ રહી, તુમ રહે ઝૂઠી લાગ ।**
**એ ઝૂઠી અબ ઉડ જાયગી, દે જાસી ઝૂઠી દાગ ॥**

**(કલશ હિ.૧૨/૧૧.૧૨)**

પોતાને સમજદાર કહેવડાવવા વાળા લોકો પણ માયાના ખેલમાં ભૂલીને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સરના કારણે હૃદયમાં છલ, કપટ રાખીને માત્ર દેખાડવા માટે સારું કાર્ય કરે છે. એમનું કારણ આ જ છે કે માયાના જીવ માયાની તરફ જ આકર્ષાય છે. તેમને એ પણ ખબર છે કે તેઓ ખોટું કાર્ય કરી રહ્યા છે, દંભ અને આંડબર દેખાડી રહ્યા છે તો પણ તેમાં જ મસ્ત છે, જાણતાં હોવા છતાં પણ ઊંડી ખાઈમાં પડ્યા રહે છે. એટલા માટે બ્રહ્માત્માઓને સાવચેત કરતાં મહામતિ કહે છે કે આ ખોટો ખેલ મટી જવાનો તો છે જ પરંતુ તમે સત્ય આત્મા પણ માયાના જૂઠા પ્રલોભનમાં આકર્ષિત થઈ જશો તો આ માયા તમને કલંકિત કરશે. ખોટું તો ખોટું જ છે તે એક દિવસ મટી જશે પરંતુ તમને કલંકિત કરીને મટશે. એટલા માટે તમે ખોટી રીતે કેમ કલંકિત થઈ રહ્યા છો. હવે જાગો અને પોતાના કર્તવ્યને સમજો. તમને દુનિયાની સંપત્તિ તથા સત્તા મળી જશે તેમ છતાં પણ સંતોષ તો થશે નહીં.

વાસ્તવમાં ખેલ તો ખેલ જ હોય છે. એમા ખેલવા વાળા લોકો એને ખેલ સમજીને ખેલદીલીથી રમવા લાગશે તો તેમને હાર જીતની ઇચ્છા રહેશે નહીં. એટલા માટે તેઓ આનંદ અને શોકથી પર થઈ જશે. પરંતુ જોવાવાળા લોકો તો કમસે કમ એને ખેલ સમજી જોવા લાગશે તો તેમને હર્ષ-શોકથી રહિત થઈ આનંદનો અનુભવ થશે. બ્રહ્માત્માઓ દૃષ્ટા હોવાથી મમત્વ અને પરત્વનો આરોપ કર્યા વગર જ માયા મોહમાંથી અલિપ્ત થઈ તેમણે આ ખેલ જોવો જોઈએ. માયાના જૂઠા ખેલના પાત્ર જીવ જ છળકપટનો સહારો લઈ જૂઠી સંપત્તિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઇચ્છે છે. જો તે સંપત્તિ કે પ્રતિષ્ઠા મળી પણ જાય તો પણ શરીર છૂટી ગયા બાદ તો તે છૂટી જ જશે. એટલા માટે આપણા ધણીને છોડી માયાની પાછળ દોડવું જોઈએ નહીં. જો કે શરીર છે ત્યાં સુધી માયાનું પણ મહત્ત્વ રહે છે, સમગ્ર લૌકિક કાર્ય લૌકિક સંપત્તિના દ્વારા જ સંપન્ન થશે તો પણ માયાના સાધનોથી અમારી તૃપ્તિ નહીં થાય. આપણી ભૂખ માયાના આહારથી શાંત નહીં થાય એના માટે જાગૃત થઈ ધામ અને ધણીનો આશ્રય લેવો જ પડશે. આત્મામાં જાગૃતિ આવ્યેથી આપણને અનુભવ થશે કે અમે શ્રીરાજજીથી દૂર નથી પરંતુ તેમના જ ચરણોમાં રહીને માયાનો ખેલ જોઈ રહ્યા છીએ.

# અજવાળાની આરાધના

ડૉ. ધનસુખભાઈ પટેલ - સંતરામપુર

અજવાશ એ પ્રકાશના અર્થમાં વપરાતો શબ્દ છે. પ્રકાશ શબ્દમાં તીવ્ર પ્રકાશ એવું અર્થઘટન પણ થઈ શકે. પરંતુ અજવાળાને તીવ્રતા સાથે સંબંધ નથી. રાત્રીનો અંધકાર હટે અને જે ઝાંખું પ્રકાશ દર્શન થાય તેને અજવાળું કહેવાય ! મતલબ કે બપોરના પ્રકાશની જેમ તેને તીવ્રતા સાથે સંબંધ નથી. કોઈ ગુનેગાર એમ કહે કે મારા કરેલા કુકર્મનો મને અહેસાસ થઈ ગયો છે. હવે મારા હૃદયમાંથી અંધારું હટીને અજવાળું થઈ ગયું છે. મને મારા કર્મનો ખૂબ પસ્તાવો થાય છે. હું માફી માગું છું. આ પ્રકારે હૃદય પરિવર્તન પણ એક પ્રકારે અજવાળું કહી શકાય. અજવાળું તે છે જે જીવનને ઉજાળે ! જીવનની ઉજ્જવળતા, તેજસ્વીતા એ આ અર્થમાં પ્રકાશ જ છે.

આ પ્રકારનો પ્રકાશ જીવન જરૂરી હોવાની અનુભૂતિ થાય અને તે માટે જે પ્રાર્થના પ્રગટે તેને આરાધના કહેવાય ! આપણા સુખની જ નહીં અન્યના સુખની ચાહના વ્યક્ત કરવી એ પણ આરાધના ભાવ કહેવાય ! આરાધનામાં સેવા ભાવ પણ ભળતો હોય છે. તે એવી પ્રાર્થના છે કે તેમાં હૃદયની ભીનાશ રહેલી હોય છે. બીજી રીતે કહીએ તો આરાધના એટલે જેમાં અજવાળાની એટલે કે પ્રકાશની ઝંખના સમાઈ હોય અને જેમ અંતરતમ ઈચ્છિત લાલસા ભરી આરજૂ હોય ! સ્કૂલની પ્રાર્થનાઓની એક નાનીસી ઝલક જોઈએ,

**અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા ।**
**ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા ।।**

આપણા પૂર્વજ ઋષિઓએ પણ પરમાત્માને આ પ્રકારે જ પ્રાર્થના કરી છે. **અસતો મા સદ્ગમય । તમસો મા જ્યોતિર્ગમય ।**

આ પ્રકારે જીવનના ઉત્કર્ષનો ભાવ પ્રગટ થતો હોય છે. ખરા અર્થમાં આ છે અજવાળાની આરાધના. અહીં સમજવાની વાત એ છે કે

આધ્યાત્મિક દૃષ્ટિએ માયિક જગત(અંધકાર)માંથી નિવૃત્તિ અને પરલોકના સુખો(પ્રકાશ સ્વરૂપ)ની પ્રાપ્તિ ! માયિક જગતનો પ્રકાશ એક પ્રકારે અજ્ઞાન, અવિદ્યા અને ભ્રમના કારણે વાસ્તવિક નહીં પરંતુ સ્વપ્નની જેમ અંધકાર રૂપ છે. તેમાંથી બહાર નીકળવાનો ભાવ જાગે અને ચિત્તમાં ઉજાશ થાય તે જ્ઞાન સભર પ્રકાશ છે. અહીં નિવૃત્તિ એટલે અધર્મના મોહથી વિપરીત સદ્‌ગુણોનું આકર્ષણ ઊભું થવું !

સામાન્ય રીતે મેઘ ધનુષની જેમ પ્રકાશ અનેક રંગોનો બનેલો છે. આ વૈજ્ઞાનિક પ્રયોગોનું તેની રીતે મહત્ત્વ છે તેમ જીવનમાં પણ પ્રકાશના સાત રંગો કહી શકાય. દા.ત. પ્રેમ પ્રકાશ. પ્રેમ પ્રકાશનું જીવનમાં અતિ ઘણું મહત્ત્વ છે. યત્નપૂર્વક પણ પ્રેમનું જીવનમાં પ્રાગટ્ય થતું રહેવું જોઈએ. આ પ્રકારે જીવનમાં ઉજ્જવળતા, ભવ્યતા અને સાર્થકતા માટે પ્રકાશના સાત રંગોને મહત્ત્વ આપવામાં આવેલ છે. આમ તો અનંત રંગો છે પરંતુ આ સાત રંગો હાથીના પગલાં જેવા છે. તેમાં બધા રંગોની ઝલક આવી મળતી હોય છે.

૧) **સત્ય** : પ્રકાશના આ રંગનું જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે. જ્યારે સ્વયં પરમાત્મા જ સત્ સ્વરૂપ છે ત્યારે તેની જીવનમાં અગત્યતાનો વિચાર જ કરવાનો થાય. મહામતિશ્રી પ્રાણનાથજીની વાણીમાં સત્ અને અસત્‌ના ભેળસેળની વાત આવે છે જે આપણી અજ્ઞાનતાને પોષે છે. તેથી તેઓ કહે છે, સત અસત ભેળા થયા, તેમાં પ્રકાશું સત જોત । ગાંધીજી સત્ય એજ પરમાત્મા કહેતા હતા અને પોતાને સત્યના પૂજારી કહેતા. તેમણે જે આત્મકથા લખી છે તેનું નામ પણ સત્યના પ્રયોગો છે.

જેનું જીવન સત્યના આદર્શને વરેલું હોય તેને માટે જીવનમાં હંમેશાં, **સત્યમેવ જયતે** જ હોય છે. અષ્ટાવક્રજીએ સ્વપ્નને વિષય બનાવીને જ્યારે જનક રાજાએ પ્રશ્ન કર્યો ત્યારે, તેમને સત્યનો પરિચય આપ્યો આવા જનક પછીથી વિદેહી કહેવાયા.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના પ્રથમ શ્લોકમાં જ કહેવામાં આવ્યું છે, **સત્યં પરમ્ ધીમહિ ।** અર્થાત્ તે પરમ સત્યનું અમો ધ્યાન ધરીએ છીએ. સંસ્કારી માતાપિતા હંમેશાં પોતાના બાળકોને જૂઠું ના બોલવાનું શીખવીને

તેમના જીવનમાં સંસ્કાર સીંચન કરતાં હોય છે. **સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર નહીં પાપ.**

૨) **જ્ઞાન :** પ્રકાશના આ રંગ વગર જીવન નિસ્તેજ બની જાય. જીવન વિકાસની પગથીમાં વાયા જિજ્ઞાસા જ્ઞાનનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે, પરંપરાની પકડ એ મોટો અવરોધ છે. કહ્યું છે કે,

**ચીલે ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત ।**
**પણ એ ચીલે નવ ચલે, ઘોડા સિંહ સપૂત ॥**

કૌટુંબિક ગૌરવ કે બાપદાદા પ્રસ્થાપિત પરંપરાનું ઘણી વખત અંધશ્રદ્ધાથી જતન કરવામાં આવતું હોય છે. **તાતસ્ય કૂપોપિં, ક્ષારં જલં કાપુરુષાઃ પિબન્તિ ।** મતલબ, બાપદાદાનો ખોદાવેલો કૂવો છે તેનું ગૌરવ જાળવવા કાપુરુષો પાણી ખારું હોવા છતાં પીતા હોય છે ! આ એક પ્રકારનું અજ્ઞાન જ છે. તેને બૌદ્ધિક પ્રમાદ કહેવાય. બુદ્ધિ પરમાત્માની અનુપમ દેન છે તેમાં વિવેક શક્તિ પ્રકટ થાય તે જ્ઞાન છે. પરંતુ માણસની મનોવિકૃતિ તેને બૌદ્ધિક પ્રમાદમાં ખેંચી જાય છે. ખરેખર જીવન વિકાસ માટે જ્ઞાન જરૂરી છે. પશુ પક્ષી ક્યાં વિકાસ કરી શકે છે. જ્ઞાન એ સદ્‌વિચારોની જનની છે. શાસ્ત્રોએ **અનંતં પ્રજ્ઞાનં બ્રહ્મ** ! કહી જ્ઞાનને બિરદાવેલ છે. શિક્ષણની જીવનમાં બહુ જ જરૂર છે. આ શિક્ષણ એજ જ્ઞાન સર્જનની ફેક્ટરી છે !

જ્ઞાન એ વિદ્યા છે, બ્રહ્મવિદ્યા તેમ જ પરાવિદ્યા પણ કહેવામાં આવે છે. શિવજીએ માતા પાર્વતીજીને આધ્યાત્મિક ઉન્નતિનું જ્ઞાન આપ્યું પરંતુ અનઅધિકારી જીવ હોઈને તેઓ ઊંઘી ગયાં તેના બદલે પોપટના બે બચ્ચાએ તેનું શ્રવણ કર્યું. તેઓમાંના એક એટલે શુકદેવજી મુનિ અને બીજા એટલે રાજા પરીક્ષિત, જેમણે ભાગવત પુરાણ દ્વારા જગતને જ્ઞાનોપદેશ આપ્યો. જ્ઞાનના મહિમાનું ગાન એટલે ગુરુ ઉપાસના ! કેમ કે **જ્ઞાનમૂલં ગુરોર્મૂર્તિઃ** ।

૩) **સર્જન :** મારું તમારું કે જગતનું અસ્તિત્વ એ જ તો સર્જનનું પ્રમાણ છે. રાત્રિની ઊંઘમાં જ્ઞાનનું વિસર્જન, હું, મારું અને બધાનું વિસર્જન, સવાર પડતાં ફરી પાછું બધાનું સર્જન. પ્રકાશવાન સવાર એ સર્જનનું પરિણામ છે. સૂકી જમીનમાં પાણી પીવડાવીએ તો તે નવપલ્લિત થઈ જાય છે. સર્જન એ

વિકાસ પ્રક્રિયા જ છે. વૃક્ષો વાવો અને બેટી બચાઓ જેવાં સૂત્રો સર્જનના મહિમાનું ગાન છે. દુર્ગુણો હટે ત્યાં સદ્‌ગુણોનું સર્જન થાય. જ્યાં તોડો નહીં જોડોનો ભાવ હોય ત્યાં સર્જન હોય. તેથી ઝઘડાઓ મીટાવવા એ પણ સર્જન પ્રક્રિયા છે. શાસ્ત્રોની રચના એ સર્જન પ્રક્રિયાનું મોટું પ્રમાણ છે.

યોગ એ પણ જોડાવવાની પ્રક્રિયા છે તેથી તો ગીતા ગાન કરનાર શ્રી કૃષ્ણજીને યોગેશ્વર કહેવામાં આવ્યા. તેમણે સ્વમુખે અર્જુન આગળ કબૂલાત કરી હતી કે, **પરં હિ બ્રહ્મ કથિતં, યોગયુક્તે ન ચેતસા** । આમ ગીતા એ જ્ઞાન પૂર્તિ રૂપ સર્જન જ છે. સ્વાસ્થ્યપૂર્તિ માટે પણ સર્જનની ક્યારેક જરૂરત પડતી હોય છે, જ્યાં સર્જન છે ત્યાં ખુશી, આનંદ, ઉત્સાહનો માહોલ બનતો હોય છે. જેમ કે ક્રિકેટમાં રનનું સર્જન, હોકીમાં ગોલનું સર્જન, પરીક્ષામાં માર્ક્સનું સર્જન, નાવિન્ય એ પણ એક પ્રકારે સર્જન છે જે જીવનને નવો વળાંક આપી શકે છે. ટૂંકમાં, સર્જન જીવનનું પ્રજીવક છે ! સુંદર શ્રેષ્ઠ વિચારોની પ્રાપ્તિ થાય તે પણ સર્જન છે. નેપોલિયન બોનાપાટે એની સરસ વાત કરી કે, મારી પાસે એક સફરજન હોય અને તમારી પાસે પણ એક સફરજન હોય. મારું સફરજન હું તમને આપું અને તમે મને તમારું સફરજન આપો તો સરવાળે તો આપણી બન્ને પાસે એક એક જ સફરજન રહે જ્યારે મારી પાસે એક વિચાર છે જે હું તમને આપું છું અને તમારી પાસે બીજો એક વિચાર છે તે તમે મને આપો તો આપણા બન્ને પાસે બબ્બે વિચારો થાય, આ છે ઉત્તમ સર્જન. કાવ્ય સર્જન, સાહિત્ય સર્જન, નવા પુલ કે ઈમારતનું સર્જન, આધ્યાત્મિક વિચારોમાંથી જ્ઞાનગ્રંથોનું સર્જન. આમ ઉત્તમ વિચારોની સર્જન પ્રક્રિયા એ જીવન પ્રકાશ બની ઉભરતી હોય છે.

૪) **પ્રેમ** : શ્રી રાજજીએ આ મોહમાયા રૂપ સંસારમાં પ્રેમ પ્રકટાવ્યો. પૂર્ણબ્રહ્મ પરમાત્માના આ દુઃખરૂપી ખેલમાં આવ્યા પછી જ સંસારમાં પ્રેમનો ઉદ્‌ભવ થયો. શ્રી રાજજીનો બ્રહ્મપ્રિયા પ્રત્યેનો પ્રેમ, શ્રી કૃષ્ણજીનો ગોપીઓ પ્રત્યેનો પ્રેમ તેમજ શ્રી પ્રાણનાથજી, નરસિંહ, મીરાં, કબીર વગેરેના અધ્યાત્મ પ્રેમ સંદેશાઓ જાણીતા છે. શ્રી કૃષ્ણજીએ કઠિન કાર્યો પાર પાડ્યા ત્યારે કહેતા કે આ રાધાની પ્રેમશક્તિનો પ્રભાવ છે. **(ક્રમશ :........)**

# નિજધામ

**પરમધામવાસી ડૉ. શાસ્ત્રી મહેન્દ્ર રાવલ**

**પવનો લીયતે યત્ર મનસ્તત્ર વિલીયતે ।** (મંત્ર મહાર્ણવ)

જયાં આગળ આપણો પ્રાણવાયુ સ્થિર થઈ જાય છે ત્યાં આપણું મન પણ સ્થિર થઈ જાય છે.

ભારત દર્શનની તરસ સાથે જીવે છે. અહીંયાં આશીર્વાદ અને દુવાનો મહિમા ગવાય છે. અહીં આગળ નિજત્વ-નિજધામ અંગે એક વિચાર મૂકું છું. શ્રીમદ્ભગવત ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે, **ઈશ્વર સર્વભૂતાનાં હૃદદેશેર્જુન તિષ્ઠતિ ।** ચૌદ ભુવનનો માલિક એવા પરમાત્મા આપણા અંદરના હૃદયમાં વસે છે.

ગંગાસતી કહે છે, ધ્યાન-ધારણાનો કાયમી અભ્યાસ રાખવો. જીવનમાં લય તૂટવો ન જોઈએ. લય તૂટે ત્યારે માંહ્યલો મૂંઝવણ અનુભવે છે. દરરોજ દશ પંદર મિનિટ મનમાં વિચારો વગર બેસવાથી આનંદની અનુભૂતિ જણાય છે. આ ઉપરાંત એમ પણ કહેવાય છે કે મનોભાવથી કરવામાં આવતી ક્રિયા એ કર્મ છે. જ્યારે શરીરથી થતી ક્રિયા એ માત્ર ક્રિયા છે. અહીં સમજવા માટેનું ગણિત જરા અટપટું છે. રસપ્રદ વાત તો નિજત્વ- નિજધામની ઓળખની છે. આ માટે દૃષ્ટિ કેળવવાની વાત છે. સારપ અને સદ્ભાવનામાં શ્રદ્ધા રાખવી. સદ્ભાવનો સરવાળો થાય તો નિજધામ તરફની ગતિ આરંભાય.

પ્રેમ એ જીવનનો ઉત્સવ છે. જીવનનો ઉમંગ છે. **કૃષ્ણેતિ મંગલં નામ** જે પ્રેમનો સંદેશ છે. પ્રેમ સહજ હોવો જોઈએ. સહજ પ્રેમ એ જ સાચો ધર્મ છે. જે જીવનમાં અજવાળું પાથરે છે અને સાચો રસ્તો બતાવનાર દીપક છે. આપણા અસ્તિત્વમાં પ્રેમનું રૂપાંતર થાય તો જીવનમાં આનંદ અનુભવાય. આપણામાં છૂપાયેલી ઊર્જાને પ્રગટાવાનો અવસર મળે. પ્રેમ-જ્યોતિ સહુને જીવન સાથે જોડે છે. આપણું અંતઃકરણ રૂપી હૃદય એ બ્રહ્મ કમળ છે. તેની પહેચાન એ જ સૌંદર્યની ઓળખ. આપણી સંપત્તિ છે એ નિજાનંદ.

પ્રેમ ને જીવનમાં પ્રાધાન્ય આપવું જરૂરી છે. પ્રાણનાથ પરમાત્મા વાણીથી પર છે. તેને અનુભવ દ્વારા ઓળખી શકાય. મર્યાદાની ઉપર પણ પરમસત્ય વસતું હોય છે. પરમાત્મા પ્રત્યે પ્રેમ ઉદાસીન હોતો નથી. આપણે જેમ નામને અનુસરીએ તેમ પ્રેમને અનુસરીએ અને આપણા અસ્તિત્વમાં તેનું રૂપાંતર કરીએ. પ્રેમની જ્યોતિ જીવન સાથે જોડાય તો નિજત્વ અને નિજધામની ઓળખ મળશે. સહજ પ્રેમ એ જ સાચો ધર્મ છે. જીવન સાધનાનું અંતિમ લક્ષ્ય તો આપણે આત્માની પિછાણ કરવાની છે. (પહેલે આપ પહેચાનો) દૂધમાં છુપાયેલા ઘીને જો આપણે શોધી શકતાં હોઈએ તો પછી આપણા હૃદયમાં વસતા પરમાત્માને સહજ ભાવે સ્વીકારીએ એ પરમ સત્ય છે. ભજન, સાધના, વ્રત, તપ વગેરે સત્ ચિત્ત, આનંદનો ખજાનો ખોલી સહુ ભક્તજનોને નિજધામ સાથે મેળવી આપશે. એ ભાવ સાથે ઉત્સાહનું સીંચન સહુમાં થાય અને જીવનનું રહસ્ય સમજાય ત્યારે નિજધામ પરમધામની પહેચાન સારી રીતે થાય.

---

# એકાગ્રતા

મહાન ઋષિ શુકદેવજી એક વખત પોતાના આધ્યાત્મિક જ્ઞાનની ચકાસણી કરવા માટે રાજા જનક પાસે ગયા. રાજા જનકે તેમની કસોટી નીચેની રીતે કરી. તેમણે મહેલની આજુબાજુ બધે સંગીત અને નૃત્યના કાર્યક્રમો ગોઠવ્યા. વિવિધ પ્રકારના દેખાવો અને આનંદપ્રમોદના સાધનો ગોઠવ્યાં. પછી તેમણે છલોછલ તેલ ભરેલી એક તપેલી શુકદેવના હાથમાં આપી અને મહેલની ત્રણ વખત પ્રદક્ષિણા કરવાનું કહ્યું. શરત, એટલી જ કે તપેલીમાંથી તેલનું એક ટીપું પણ જમીન પર ઢોળાવું ન જોઈએ. શુકદેવ તેમાં સફળ થયા. જનક રાજાએ તેમને મહેલની આજુબાજુના દેખાવ તેમ જ આનંદ પ્રમોદના કાર્યક્રમો વિશે પૂછ્યું. શુકદેવજીએ જવાબ આપ્યો કે તેમણે કંઈ જ જોયું ન હતું ! તેમનું સમગ્ર ધ્યાન તેલ ભરેલી તપેલી પર કેન્દ્રિત થયેલું હતું અને તેને કોઈ પણ આકર્ષણ ચલિત કરી શકે તેમ ન હતું. એકાગ્રતા આવી હોવી જોઈએ.

# સત્સંગ

સંપર્ક, સંસર્ગ અને સત્સંગ જીવનમાં આ ત્રણેયની જરૂર તો પડે છે પણ ભૌતિકવાદને રવાડે ચઢીને સંપર્ક અને સંસર્ગ વધતો ગયો છે. પરંતુ સત્સંગ ભૂલાઈ ગયો છે. ધર્મ કોઈ પણ હોય તેમાં સત્સંગની જરૂર છે જ. દરેક ધર્મના ધર્મીને નાનો કે મોટો સત્સંગ જરૂરી હોય છે.

પરમાત્માને નહીં માનનાર વ્યક્તિ પણ ક્યારેક તો જિંદગીની કો'ક પળે પરમાત્માને યાદ કરે છે. મંદિરનું પગથિયું નહીં ચડનારો પણ મંદિરના ઓટલાને તો સારો જ માને છે. ત્રણ દુશ્મનો આપણી પાછળ પડ્યા છે. ૧) રોગ ૨) વૃદ્ધાવસ્થા ૩) મૃત્યુ. આ ત્રણ એટલા ખતરનાક દુશ્મનો છે કે તમે લાખ પ્રયત્ન કરો પણ અટકશે નહીં. આ ત્રણ દુશ્મનો જ્યારે આપણી ઉપર હુમલો કરશે ત્યારે એમાં શાંતિ અને સમાધિ આપનાર એક જ તત્ત્વ છે એનું નામ છે સત્સંગ. સત્સંગનું બીજું નામ છે ધર્મ.

સત્સંગ કરવો ન ગમે તેની પાછળનું કારણ છે તમારા સંપર્કો. સંપર્ક તમારા ખૂબ વધ્યા પણ પ્રેમ ઘટ્યો.

ફેસબુક કે વોટ્સઅપ ઉપર તમારા ૩૦૦ મિત્રો હશે પણ જીવનનો રાહ બતાવનાર યોગ્ય એક સાચો મિત્ર છે ? તમારા સંપર્કો તમારું કલ્યાણ કરનાર હોવા જોઈએ. બીજા નંબરની વાત છે સંસર્ગની. સંસર્ગ એટલે શું ? માત્ર બુદ્ધિથી મળવું એ સંસર્ગ. જેમાં હૃદય ગેરહાજર હોય.

સંપર્ક અને સંસર્ગ આ બન્નેમાં ક્યારેક પસ્તાવું પડે કે મનદુઃખ થાય એવી ઘટના ઘટી શકે છે. પણ ત્રીજી વાત છે સત્સંગની......સજ્જનોની સાથે રહેવું એટલે સત્સંગ.

સાધુઓનો સંગ એટલે સત્સંગ. ધર્મસભા, સંસ્કાર ઘડતર, ધાર્મિક આચરણ, ધર્મવૃત્તિ, સેવા આ બધા સત્સંગના લાભ છે. એવું બને કે હર પળે તો આપણને સાધુ પુરુષોનો સંગ મળે નહીં ત્યારે શું કરવું ? પુસ્તક જ એ વખતે કાફી છે. સારા પુસ્તકો સાચા મિત્ર છે. પુસ્તકો વસાવવા, સારા પુસ્તકો વાચવા એ પણ એક મોટો સત્સંગ છે.

**બે માણસો હાથથી મળ્યા સંપર્ક થઈ ગયો.**
**બે માણસો બુદ્ધિથી મળ્યા, સંસર્ગ થઈ ગયો.**
**બે માણસો હૃદયથી મળ્યા, સત્સંગ થઈ ગયો.**

**- મુનિ રાજદીપ વિજય**

## સમાચાર દર્પણ

# પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે વિવિધ કાર્યક્રમો સંપન્ન થયા

ધર્મપ્રાણ સુંદરસાથજી !

શ્રી ૫ નવતનપુરી ધામની પવિત્ર ધરતી અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજી(શ્રી કૃષ્ણ)નું નિવાસ સ્થાન છે(**જ્યાં વાલાનો વિશ્રામ**). સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિ શ્રી પ્રાણનાથજીની સાધના ભૂમિ છે. અહીં શ્રી યમુનાજી તથા અવનિના કલ્પતરુ ખીજડાની શીતલ છાયા છે. આવી અનેક મહિમાથી ગૌરવશાળી એવી અલૌકિક ભૂમિ એટલે શ્રી ૫ નવતનપુરી ધામ. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ, નિજાનંદ સમ્પ્રદાયનું શીર્ષસ્થ પ્રમુખ તથા સર્વોપરિ તીર્થ સ્થાન છે. મહામતિશ્રી પ્રાણનાથજી કહે છે,

**પહલે બીજ ઉદય હુઆ, પુરી જહાં નવતન ।**
**સબ પુરિયોંમેં ઉત્તમ, હુઈ સો ધન ધન ॥**

**એ મધ્યે જે પુરી કહાવે, નવતન જેહનું નામ ।**
**ઉત્તમ ચૌદે ભવનમાં જિહાં વાલાનો વિશ્રામ ॥**

**સબ વન્દિત પુરી નૌતન, નારદ શારદ નર શુક મુન ।**
**રજ ઈચ્છત બ્રહ્મા, વિષ્ણુ મહેશ, મહાવિષ્ણુ સહસ્ત્ર ફની શેષ ॥**

શ્રી ૫ નવતનપુરી ધામ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ છે. શ્રી રાજજીની પ્રત્યક્ષ પ્રેરણાથી નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ દ્વારા સ્થાપિત ગૌરવમય પ્રમુખ ગાદી સ્થાન છે. આવી પરમ પુનિત શ્રેષ્ઠ ગાદી(આચાર્ય) પરંપરામાં પરમ પૂજ્ય શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંત વિભૂષિત જગદ્‌ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ બિરાજમાન છે.

આવો સર્વપ્રથમ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આ દિવ્ય પરંપરા આચાર્ય પરંપરાના દર્શન કરીએ.

## (શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્ય પરંપરા)

૦૧. અનંતશ્રી વિભૂષિત નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ.
૦૨. અનંતશ્રી વિભૂષિત મહામતિ શ્રી પ્રાણનાથજી મહારાજ.
૦૩.જગદ્‌ગુરુ આચાર્યાશ્રી કેસરબાઈજી મહારાજ.
૦૪.જગદ્‌ગુરુ આચાર્યશ્રી તેજસ્વી બાબાજી મહારાજ.
૦૫.જગદ્‌ગુરુ આચાર્યશ્રી બ્રહ્મચારીજી મહારાજ.
૦૬.જગદ્‌ગુરુ આચાર્યશ્રી ધ્યાનદાસજી મહારાજ.
૦૭.જગદ્‌ગુરુ આચાર્યશ્રી મોહનદાસજી મહારાજ.
૦૮.જગદ્‌ગુરુ આચાર્યશ્રી ફકીરચન્દજી મહારાજ.
૦૯.જગદ્‌ગુરુ આચાર્યશ્રી અમરદાસજી મહારાજ.
૧૦.જગદ્‌ગુરુ આચાર્યશ્રી જીવરામદાસજી મહારાજ.
૧૧.જગદ્‌ગુરુ આચાર્યશ્રી વિહારીદાસજી મહારાજ.
૧૨.જગદ્‌ગુરુ આચાર્યશ્રી સુખલાલદાસજી મહારાજ.
૧૩.જગદ્‌ગુરુ આચાર્યશ્રી ધનીદાસજી મહારાજ.
૧૪.જગદ્‌ગુરુ આચાર્યશ્રી ધર્મદાસજી મહારાજ.
૧૫.જગદ્‌ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ (**વર્તમાન આચાર્ય**).

૧ જાન્યુઆરી આંતરરાષ્ટ્રીય કેલેન્ડર પ્રમાણે અંગ્રેજી નૂતન વર્ષનો પ્રથમ દિવસ છે. દેશ-વિદેશમાં આ દિવસનું સ્વાગત ભવ્ય રૂપે કરવામાં આવે છે. આ અવસર ઉપર અનેક પ્રકારના મનોરંજનના કાર્યક્રમો રાખવામાં આવે છે. ભારતમાં નૂતન વર્ષના મંગલ પ્રભાતનું સ્વાગત પરમાત્માની પ્રાર્થના અથવા સ્તુતિ દ્વારા કરવામાં આવે છે. દરેક દેશોના ઈતિહાસ પ્રમાણે નવું વર્ષ હોય છે. ભારતમાં પણ નવું વર્ષ બહુ જ આનંદ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવે છે. ભારત એક એવો દેશ છે જ્યાં નવું વર્ષ અલગ-અલગ સમયે મનાવવામાં આવે છે. જેમ કે ગુડી પડવો, હોળી, વૈશાખી, દીપાવલી, ચૈત્રીપૂનમ વગેરેના દિવસે નૂતન વર્ષ મનાવે છે. આ બધામાં હિન્દુ સંસ્કૃતિના હિસાબે ચૈત્રી પૂનમને નવા વર્ષ તરીકે અધિક વૈજ્ઞાનિક માનવામાં આવે છે.

આપણે ત્યાં નવા વર્ષનો અર્થ છે નવો ઉત્સાહ, નવો ઉમંગ, નવી ઉમ્મીદો, નવો વિશ્વાસ, નવો આઈડિયા વગેરે. ગત વર્ષે આપણે જે મેળવ્યું કે ગુમાવ્યું, સફલતા મળી કે અસફળતા આ બધામાંથી બોધ લઈને ફરીથી ઉત્સાહ સાથે આગળ વધવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈ પુરુષાર્થને રસ્તે આગળ વધવાનો શુભ દિવસ અર્થાત્ નવું વર્ષ. ૧ જાન્યુઆરી અર્થાત્ નવા વર્ષના પ્રથમ દિવસનું સ્વાગત શ્રી ૫ નવતનપુરી ધામમાં પરમાત્માની સ્તુતિ, પ્રાર્થના તથા ધાર્મિક કાર્યક્રમોથી કરવામાં આવે છે. કેમ કે આ દિવસ **શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ - નિજાનંદ સમ્પ્રદાયના વર્તમાન ધર્માચાર્ય જગદ્ગુરુ આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજશ્રીનો જન્મ દિવસ પણ છે.** આ અવસર પર શ્રી ૫ નવતનપુરી ધામમાં પ્રત્યેક વર્ષે ખૂબ જ હર્ષ તથા ઉત્સાહ, ઉમંગ સાથે વિશેષ ઉત્સવ મનાવવામાં આવે છે.

આ વર્ષે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો ૫૭ મો જન્મદિવસ છે. પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ ૨૮ થી ૩૧ ડિસેમ્બર શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સત્સંગ સભા, સ્વાસ્થ્ય પરિસંવાદ-**આલયમ્ રિહેબ કેર** ગોષ્ઠીનું સુંદર આયોજન થયું. જેમાં અનેક સુંદરસાથે ભાગ લીધો. વિશેષ રૂપે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સાથે નવતનપુરી ધામના સંતો તથા વિભિન્ન સ્થાનોમાંથી પધારેલા સંતો, ધર્મપ્રચારકોએ પરિચર્ચામાં ભાગ લીધો. પ્રત્યેક વિષય પર વિશદ ચર્ચા કરી પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ માર્ગદર્શન આપ્યું.

## સત્સંગ સભા, પત્રકાર પરિષદ, સ્વાસ્થ્ય પરિસંવાદ અને આલયમ્નો શુભારંભ

**સત્સંગ સભા** - પ્રત્યેક વર્ષે શ્રી ૫ નવતનપુરી ધામમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન થાય છે. આ વર્ષે તારીખ ૨૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી ચાર દિવસની સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જુદા જુદા વક્તાઓએ અલગ-અલગ વિષય પર સત્સંગની ધારા પ્રવાહિત કરી. વિશેષ કરીએ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીએ સ્વાસ્થ્યના વિષયમાં વધારે ઝોક આપી સુંદર અને સારી રીતે રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

પૂજ્ય આચાર્યશ્રીએ જણાવ્યું કે સંપૂર્ણ રૂપથી સ્વસ્થ હોવું જરૂરી છે. સંપૂર્ણ રૂપે સ્વસ્થ હોવાનું તાત્પર્ય એ છે કે અમારા શરીરમાં કોઈ રોગ, પીડા,

વ્યાધિ કે દુર્બલતા નથી. શારીરિક રૂપે સ્વસ્થ રહેવાનું પણ આંશિક અંશમાં સ્વસ્થ માનવામાં આવ્યું છે. અહીં વાત થઈ રહી છે સંપૂર્ણ સ્વસ્થ થવાની. એનું તાત્પર્ય એ છે કે આપણે શારીરિક, માનસિક, બૌદ્ધિક તથા આત્મિક રૂપે સ્વસ્થ રહીએ. આને સમગ્ર પ્રકારનું સ્વાસ્થ્ય પણ કહેવામાં આવે છે.

